**CM ભૂપેન્દ્ર પટેલની ૩૫૦ RFOની બદલીમાં 'ખેલ' પાડનાર કાર્ટેલ પર ગાજ**

# ઈતિહાસમાં પહેલીવાર વન દળના વડા કક્ષાના અધિકારીની હકાલપટ્ટી

**વન** સેવા (IFoS) અધિકારીઓમાં મોટા પાયે બદલી, વધારાના ચાર્જ અંગેનો મહત્ત્વનો આદેશ

ગાંધીનગરઃ ગુજરાતના વહીવટી તંત્રમાં ગઈકાલે મોડી રાત્રે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'ઝીરો ટોલરન્સ' નીતિનો પરચો આપતા વન વિભાગમાં અભૂતપૂર્વ સાફસૂફી કરી નાખી છે. હાલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની આચાર સંહિતા અમલમાં છે, છતાંયે રાજ્ય ચૂંટણી આયોગની મંજૂરી લઈને આ બદલીઓ કરી દેવામાં આવી છે. ભ્રષ્ટાચાર અને મનસ્વી રીતે 'કાર્ટેલ' રચીને 350 કરતાં વધુ આરએફઓની બદલીઓનો ખેલ પાડનારા ઉચ્ચ અધિકારીઓ સામે મુખ્યમંત્રીએ શિસ્તનો એવો કોરડો વીંઝ્યો છે કે સમગ્ર સચિવાલયના સરકારી બાબુઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. રાજ્યના ઈતિહાસમાં કદાચ આ પહેલી ઘટના છે જ્યાં વન દળના વડા (HoFF) કક્ષાના અધિકારીની પણ ચાલુ ફરજે હકાલપટ્ટી કરવામાં આવી હોય.

ગાંધીનગરમાં સ્થિત ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા વરિષ્ઠ ભારતીય વન સેવા (IFoS) અધિકારીઓમાં મોટા પાયે બદલી અને વધારાના ચાર્જ અંગેનો મહત્ત્વનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. આ ફેરફારો રાજ્યમાં વન વહીવટને વધુ કાર્યક્ષમ બનાવવા અને નેતૃત્વ મજબૂત કરવા માટે કરવામાં આવ્યા હોવાનું માનવામાં આવે છે. ખાસ કરીને પ્રથમ વખત રાજ્યના પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ્સ અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સને આ મહત્ત્વપૂર્ણ પદ પરથી બદલી કરવામાં આવી છે. આ ઘટનાક્રમ અત્યારે ગાંધીનગર સચિવાલયમાં સૌથી વધુ ચર્ચાતો વિષય બન્યો છે.

### આ ટોચના અધિકારીઓની સામૂહિક બદલી

મુખ્યમંત્રીના આ સપાટામાં વિભાગના વડાથી લઈને એમડી (MD) સ્તરના અધિકારીઓને ઘરભેગા કરી દેવામાં આવ્યા છે:

**HoFF ની હકાલપટ્ટીઃ** અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા (HoFF) ડો. અનિરુદ્ધ પ્રતાપ સિંહ (IFS 1990) ને ગાંધીનગરથી હટાવી વડોદરા વન વિકાસ નિગમના MD બનાવી દેવાયા છે.

**નવા હવાલાઃ** ડો. જયપાલ સિંહ (IFS 1991) ને ઇન્ચાર્જ વન દળના વડા (HoFF) તરીકેનો વધારાનો હવાલો સોંપાયો છે.

**અન્ય ફેરબદલઃ** વડોદરા સર્કલના સીસીએફ (CCF) ડો. સંદીપ કુમારને ગાંધીનગર વર્કિંગ પ્લાનમાં મોકલાયા છે, જ્યારે વડોદરા નિગમમાંથી ડો. અંશુમન શર્મા ને ગાંધીનગર CCF (D & M) તરીકે બદલવામાં આવ્યા છે. આ ઉપરાંત નિશા રાજ અને સાદિક મુજાવર જેવા અધિકારીઓની જવાબદારીઓમાં પણ મોટા ફેરફાર કરાયા છે.

સચિવાલયમાં વન વિભાગના નાયબ સચિવ આસવ ગઢવીને બદલીને તેમને ભાવનગરમાં ડે.કંન્ટ્રોલર સિવિલ ડિફેન્સમાં મૂકવામાં આવ્યા છે

સચિવાલયના વન વિભાગના ઉપ સચિવ હિમાશું ગોહિલને બદલીને ઉપ સચિવ સરાકરી વકીલની કચેરી ખાતે મૂકવામાં આવ્યા છે.

### ૩૫૦ RFOની બદલીઓમાં 'અજૂશ્રગતું' થતાં CM એક્શન મોડમાં

સચિવાલયના આંતરીક સૂત્રોના જણાવ્યા અનુસાર, તાજેતરમાં વન વિભાગમાં ૩૫૦ જેટલા રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO) ની બદલીઓ કરવામાં આવી હતી. આ પ્રક્રિયામાં કેટલાક ઉચ્ચ અધિકારીઓએ પારદર્શકતાના નામે મિલીભગત કરી, સરકારને અંધારામાં રાખીને પોતાની મનસ્વી રીતે 'કાર્ટેલ' રચી હોવાની ગંધ સરકાર સુધી પહોંચી હતી. વન મંત્રી અર્જુન મોઢવાડિયા અને વન સચિવ ડો. વિનોદ રાવ સાથે પરામર્શ કર્યા બાદ મુખ્યમંત્રીએ આ મામલે કડક વલણ અપનાવ્યું હતું.

## GPSC પરીક્ષામાં સાચા જવાબને ખોટો ઠેરવવા મુદ્દે ગુજરાત હાઈકોર્ટે સરકાર પાસે જવાબ માંગ્યો

# પેપર સેટર અને ચેકર સામે કોર્ટના તિરસ્કારની કાર્યવાહી કેમ ન કરવી?

**આવા** શૈક્ષણિક મુદ્દાઓમાં કોર્ટ દખલગીરી ન કરેઃ સરકારની દલીલ

**વિદ્યાર્થીઓના** હિતમાં સ્પષ્ટતાનો અભાવ હોય ત્યારે દખલગીરી કરી શકેઃ હાઈકોર્ટ

અમદાવાદઃ ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા લેવામાં આવેલી પરીક્ષામાં એક ઉમેદવારના સાચા જવાબને ખોટો ઠેરવવાના મામલે ગુજરાત હાઈકોર્ટએ કડક વલણ અપનાવ્યું છે. હાઈકોર્ટે જીપીએસસીના અધિકારીઓની આકરી ઝાટકણી કાઢતાં જણાવ્યું કે તેઓએ કોર્ટની ગરિમા જાળવતા શીખવાની જરૂર છે, સાથે જ પેપર સેટર અને પેપર ચેકર સામે કોર્ટના તિરસ્કાર (Contempt of Court)ની કાર્યવાહી કેમ ન કરવી તે અંગે રાજ્ય સરકાર પાસે જવાબ માંગ્યો છે.

આ મામલો જીપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષા સાથે સંબંધિત છે, જેમાં એક યુવતીએ 'કૌટિલ્યના અર્થશાસ્ત્ર' વિષયક પ્રશ્નનો પાઠ્યપુસ્તક આધારિત યોગ્ય જવાબ આપ્યો હોવા છતાં તેને ખોટો ગણાવી ઈન્ટરવ્યુ માટે અયોગ્ય ઠરાવવામાં આવી હતી. આ નિર્ણયને પડકારતાં ઉમેદવાર હાઈકોર્ટ પહોંચી હતી. અરજદાર તરફથી રજુઆત કરી હતી કે ઉમેદવારનો જવાબ પ્રમાણભૂત પાઠ્યપુસ્તક મુજબ સાચો છે, છતાં જીપીએસસીએ અન્ય સંદર્ભ સાહિત્યના આધારે તેના માર્ક્સ કાપ્યા છે, જેના કારણે તેની સરકારી નોકરી અટકી ગઈ છે. રાજ્ય સરકારે કોર્ટમાં રજૂઆત કરી હતી કે 'કૌટિલ્યના અર્થશાસ્ત્ર' વિષયમાં વિવિધ પુસ્તકોમાં મતભેદ છે અને નિષ્ણાતોના મતે આ વિષય રાજ્યશાસ્ત્ર સાથે વધુ સંબંધિત છે.

# અમદાવાદમાં ઢોસા ખાધા બાદ બાળકીઓના મોતમાં મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ

**ફૂડ** પોઈઝનિંગ થવાથી મોત થયાની આશંકા, રિપોર્ટ બાદ જ સ્પષ્ટતા થઈ શકશે

અમદાવાદઃ અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં ઢોસા ખાધા બાદ બે નાની બાળકીના શંકાસ્પદ મૃત્યુની ઘટનામાં પોલીસની તપાસ વધુ તેજ બની છે. આજે પોલીસ અને એફએસએલની ટીમની હાજરીમાં સ્મશાનમાં જ્યાં અઢી માસની બાળકીના મૃતદેહની અંતિમવિધિ કરવામાં આવી હતી. ત્યાંથી મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ કરવામાં આવશે.

આ અંગે મળતી માહિતી મુજબ, શહેરના ચાંદખેડામાં ડેરીમાંથી ખરીદેલા ખીરાથી ઢોસા બનાવી તે ખાધા બાદ માસુમ બાળકીનું મૃત્યું થયું હતું આ ઘટના બાદ પરિવાર દ્વારા બંને બાળકીના મૃતદેહની અંતિમવિધિ કરવામાં આવી હતી. પરંતુ મૃત્યુ અંગે શંકા ઊભી થતાં પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે અઢી માસની બાળકીનો મૃતદેહ સ્મશાનમાંથી બહાર કાઢવામાં આવ્યો છે અને હવે તેનો પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. આ કાર્યવાહી દરમિયાન FSLની ટીમને પણ સાથે રાખવામાં આવી છે, જેથી મોતનું ચોક્કસ કારણ જાણી શકાય. પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મૃતદેહ બહાર કાઢીને તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. પરિવાર દ્વારા ઢોસાના ખીરામાં રહેલા સંભવિત ઝેરી તત્ત્વોને કારણે ફૂડ પોઈઝનિંગ થવાથી મોત થયાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, હકીકત શું છે તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. આ ઘટનામાં બાળકીઓના માતા-પિતાની તબીયત બગડતા તેમને હોસ્પિટલમાં હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સમગ્ર મામલે પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

# સુપ્રીમ કોર્ટમાં સબરીમાલા કેસમાં ધાર્મિક સ્વાતંત્ર્યનો મુદ્દો સૌથી મહત્ત્વનો છે

**ટુંધી પોઇન્ટ ▪ સંજય વોરા ▪**


આ દુનિયાનો જ્યારથી પ્રારંભ થયો ત્યારથી ધર્મનું અસ્તિત્વ છે. દુનિયામાં અનેક ધર્મો છે, પણ તમામ ધર્મોનો મુખ્ય ઉદ્દેશ આત્માની આધ્યાત્મિક ઉન્નતિનો છે. આ દુનિયામાં ધર્મનું અને ધર્મશાસ્ત્રોનું અસ્તિત્વ છે, માટે ન્યાય અને નીતિનું પણ અસ્તિત્વ છે, કારણ કે દુનિયાના તમામ ધર્મો ન્યાય અને નીતિપૂર્વક જીવવાનો ઉપદેશ આપે છે. જો દુનિયાના લોકો ન્યાય અને નીતિમાં ન માનતા હોય તો ગુનાખોરી એટલી વધી જાય કે દુનિયામાં જીવવું મુશ્કેલ બની જાય. ભારતમાં પ્રાચીન કાળથી રાજતંત્ર ધર્મતંત્રના સિદ્ધાંતો પ્રમાણે ચાલતું હતું અને રાજાઓ ધર્મગુરુઓની આજ્ઞા મુજબ રાજ્યનો વહીવટ કરતા હતા. રાજાઓ ક્યારેય ધર્મના માલિક બનવાના પ્રયાસ કરતા નહોતા કે ધર્મની બાબતોમાં માથું પણ મારતા નહોતા. ભારતમાં ધર્મ સ્વયંસત્તાક હતો.

ઈ.સ. ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ ભારતનું જે બંધારણ અસ્તિત્વમાં આવ્યું તેમાં ૨૫મી કલમ દ્વારા નાગરિકોનો ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર માન્ય કરવામાં આવ્યો, પણ તેમાં કેટલીક જોગવાઈ એવી કરવામાં આવી કે રાજસત્તાનું વર્ચસ્વ ધર્મસત્તા પર સ્થપાઈ ગયું છે. દાખલા તરીકે બંધારણની ૨૫ (૧) કલમમાં લખવામાં આવ્યું છે કે ''બધાં લોકો અંતરાત્માના સ્વાતંત્ર્યના અધિકારી છે, તેઓ ધર્મનું પાલન, પ્રચાર અને પ્રસાર કરવાને સ્વતંત્ર છે, પણ આ સ્વતંત્રતા જાહેર સુમેળ, નૈતિકતા અને આરોગ્ય ઉપર આધારિત છે.'' આ કલમની પેટા કલમ (બી) માં લખવામાં આવ્યું છે કે ''કલમ-૨૫ રાજ્યને ધાર્મિક વિધિઓ સાથે જોડાયેલી આર્થિક, નાણાંકીય, રાજકીય કે બીજી બિનસાંપ્રદાયિક બાબતો વિશે કાયદા બનાવતાં રોકશે નહીં.''

આ કલમનું ભારતની કોર્ટો દ્વારા જે અર્થઘટન કરવામાં આવ્યું તેના કારણે ભારતના ધર્મોનું અને સંપ્રદાયોનું સ્વાતંત્ર્ય જોખમાઈ ગયું છે. વર્ષ ૨૦૧૮માં સબરીમાલા કેસનો જે ચુકાદો આવ્યો, તેમાં ન્યાયતંત્ર દ્વારા ધર્મતંત્રના અધિકારો ઉપર અતિક્રમણ કરવામાં આવ્યું હતું. સબરીમાલા કેસમાં સુપ્રીમ કોર્ટના વાંધાજનક ચુકાદાને નવ જજોની બેન્ચ સમક્ષ પડકારવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટે મંગળવારે કેરળના સબરીમાલા મંદિર સહિત વિવિધ મંદિરો અને ધાર્મિક સ્થળોએ મહિલાઓ સાથેના ભેદભાવ સંબંધિત અરજીઓની સુનાવણી શરૂ કરી છે. આ ચુકાદાથી સબરીમાલામાં અયપ્પા મંદિરમાં તમામ ઉંમરની મહિલાઓને પ્રવેશવાની મંજૂરી મળી હતી. સુપ્રીમ કોર્ટે ૨૦૧૮ના ચુકાદા સામે દાખલ કરાયેલી સમીક્ષા અરજીઓ પર વિચાર કરવા માટે નવ ન્યાયાધીશોની બંધારણીય બેંચની રચના કરી હતી.

સુપ્રીમ કોર્ટ ધાર્મિક સ્વતંત્રતા અને સંબંધિત બંધારણીય અધિકારો સંબંધિત સાત મહત્ત્વપૂર્ણ પ્રશ્નો પર વિચાર કરી રહી છે. આ પ્રશ્નો બંધારણના અનુચ્છેદ ૨૫ અને ૨૬ ના અર્થઘટનને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.




૧. ભારતીય બંધારણની કલમ ૨૫ હેઠળ ધાર્મિક સ્વતંત્રતાના અધિકારની હદ અને અવકાશ કેટલો છે? ૨. કલમ ૨૫ હેઠળ વ્યક્તિઓને આપવામાં આવેલા અધિકારો અને કલમ ૨૬ હેઠળ ધાર્મિક સંપ્રદાયોને આપવામાં આવેલા અધિકારો વચ્ચે સંબંધ અને સંતુલન કેવી રીતે સ્થાપિત થશે? ૩. શું કલમ ૨૬ હેઠળ ધાર્મિક સંપ્રદાયોના અધિકારો જાહેર વ્યવસ્થા, નૈતિકતા અને આરોગ્ય ઉપરાંત બંધારણના ભાગ III ની અન્ય જોગવાઈઓને આધીન છે? ૪. કલમ ૨૫ અને ૨૬ માં વપરાયેલા 'નૈતિકતા' શબ્દનો સાચો અર્થ અને અવકાશ શું છે? શું તેમાં બંધારણીય નૈતિકતાનો સમાવેશ કરવાનું માનવામાં આવશે? ૫. કલમ ૨૫ માં ઉલ્લેખિત ધાર્મિક પ્રથાઓના સંબંધમાં ન્યાયિક સમીક્ષાનો અવકાશ અને અધિકારક્ષેત્ર શું છે? ૬. કલમ ૨૫(૨) (બી) માં વપરાયેલા 'હિંદુઓના વિભાગો'નો સાચો અર્થ અને વ્યાખ્યા શું છે? ૭. શું કોઈ વ્યક્તિ જે કોઈ ચોક્કસ ધાર્મિક સંપ્રદાય અથવા જૂથ સાથે સંબંધિત નથી તે જાહેર હિતની અરજી (PIL) દ્વારા તે સંપ્રદાયની પ્રથાઓને પડકારી શકે છે? સબરીમાલા કેસ ઉપરાંત, સુપ્રીમ કોર્ટ કલમ ૨૫ હેઠળ ધાર્મિક સ્વતંત્રતાને લગતા વ્યાપક બંધારણીય પ્રશ્નોની પણ તપાસ કરશે. આ મુદ્દાઓમાં મસ્જિદો અને દરગાહોમાં મુસ્લિમ મહિલાઓનો પ્રવેશ, આંતરધાર્મિક લગ્ન પછી અગ્નિ મંદિરોમાં પ્રવેશવાનો પારસી મહિલાઓનો અધિકાર, બહિષ્કારની પ્રથાઓની માન્યતા અને દાઉદી વહોરા સમુદાયમાં સ્ત્રી જનનાંગોના વિચ્છેદનની કાનૂની માન્યતાનો પણ સમાવેશ થાય છે.

સબરીમાલા મંદિરનો વહીવટ કરતાં ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડ દ્વારા દાખલ કરાયેલી લેખિત રજૂઆતમાં કહ્યું છે કે સુપ્રીમ કોર્ટે ધર્મની સમુદાય-કેન્દ્રિત સમજણ અપનાવવી જોઈએ. અદાલતોએ શ્રદ્ધા આધારિત પ્રથાઓનું પુનઃઅર્થઘટન કરવાનું ટાળવું જોઈએ અને આવશ્યક ધાર્મિક પ્રથાઓના સિદ્ધાંતના ઉપયોગ પર પ્રશ્ન ઉઠાવવો જોઈએ. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ માહિતી આપી હતી કે કેન્દ્ર સરકાર સમીક્ષા અરજીઓને સમર્થન આપે છે.

કેન્દ્ર સરકારે પોતાના સોગંદનામામાં સબરીમાલા મંદિરમાં ૧૦ થી ૫૦ વર્ષની મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની અપીલ કરી છે. કેન્દ્ર સરકારનો દાવો છે કે ભગવાન અયપ્પાને નૈષ્ઠિક બ્રહ્મચારી માનવામાં આવે છે, એટલે કે તેમણે તેમના સમગ્ર જીવન દરમિયાન બ્રહ્મચર્યનું પાલન કર્યું છે. મહિલાઓને પ્રવેશ આપવાથી મંદિરની પરંપરાગત પૂજા પ્રથાઓમાં ફેરફાર થશે, જે બંધારણ દ્વારા સુરક્ષિત ધાર્મિક વિવિધતાને સંભવિત રીતે અસર કરશે. કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે ન્યાયાધીશ તરુણ ગોગોઈએ સબરીમાલા મંદિર કેસમાં આદેશ લખ્યો હતો અને આદિ શૈવ ચુકાદો પણ લખ્યો હતો, જેમાં શ્રી મઠ કેસથી લઈને આજ સુધીના ચુકાદાની રૂપરેખા આપવામાં આવી હતી.

શ્રી મઠ અને સબરીમાલા કેસોમાં કેટલાંક પરિબળોને અવગણવામાં આવ્યાં હતાં, જેમાં બંધારણ સભામાં ચર્ચાઓનો પણ સમાવેશ થાય છે. ભારતના ધર્મો વૈવિધ્યસભર છે. જેમ હિન્દુ ધર્મમાં પેટા-સંપ્રદાયો છે, દરેકની પોતાની સ્વતંત્ર ઓળખ છે, તેવી જ રીતે ઇસ્લામમાં પણ પેટા-સંપ્રદાયો છે. જો કે ઇસ્લામનો એક જ પવિત્ર ગ્રંથ અને એક જ સ્થાપક છે, તેમ છતાં ધર્મ હજુ પણ આંતરિક વિવિધતા અનુભવે છે. તમે ધર્મશાસ્ત્રીય પાસાંઓની તપાસ કરી રહ્યા નથી, પરંતુ કોર્ટે એ ધ્યાનમાં લેવાની જરૂર છે કે ઇસ્લામનો અર્થ ફક્ત એક પ્રકારનો ઇસ્લામ નથી, કે હિન્દુ ધર્મનો અર્થ ફક્ત એક પ્રકારનો હિન્દુ ધર્મ નથી. ધર્મ અને ધાર્મિક બાબતોનું અર્થઘટન કરતી વખતે કોર્ટે આ પરિબળોને ધ્યાનમાં રાખવાં જોઈએ. બંધારણે અમેરિકન બંધારણમાંથી કેટલાક સંદર્ભો લીધા છે, પરંતુ કલમ ૨૫ અને ૨૬ ખાસ કરીને ભારત માટે બનાવવામાં આવી છે. આમાં નાસ્તિકો, શાસ્ત્રોમાં ન માનનારાઓ અને મૂર્તિપૂજામાં ન માનનારાઓનો સમાવેશ થાય છે. તેઓ નાસ્તિક હોવા છતાં, મૂર્તિ પૂજામાં માનતા ન હોવા છતાં અને ચાર્વાક ફિલસૂફીનું પાલન કરતા હોવા છતાં હિન્દુ હોઈ શકે છે અને તેથી, સુનાવણી દરમિયાન આ ધ્યાનમાં લેવું જોઈએ. તેમણે ધ્યાન દોર્યું હતું કે કલમ ૨૬ (બી) ખાસ કરીને ફક્ત સંપ્રદાયો જ નહીં પરંતુ તેમની અંદરના વર્ગોનો પણ સમાવેશ કરે છે. દાખલા તરીકે બધા હિન્દુ સંપ્રદાયોનાં લોકો શિરડીની મુલાકાત લે છે. તેવી જ રીતે હિન્દુઓ પણ નિઝામુદ્દીન દરગાહની મુલાકાત લે છે. તો તમે તેને કયા સંપ્રદાય તરીકે વર્ગીકૃત કરશો?

સુપ્રીમ કોર્ટમાં સમીક્ષા અરજીઓને ટેકો આપતાં પક્ષકારોની દલીલો ૭ થી ૯ એપ્રિલ દરમિયાન સાંભળવામાં આવશે.

આ પછી વિરોધી પક્ષકારોની દલીલો ૧૪ થી ૧૬ એપ્રિલ દરમિયાન રજૂ કરવામાં આવશે. જો કોઈ પ્રતિવાદી દલીલો હોય તો ૨૧ એપ્રિલે સાંભળવામાં આવશે અને એમિકસ ક્યુરી દ્વારા અંતિમ દલીલો ૨૨ એપ્રિલ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**સુપ્રીમ કોર્ટે કેરળના સબરીમાલા મંદિર સહિત વિવિધ મંદિરો અને ધાર્મિક સ્થળોએ મહિલાઓ સાથેના ભેદભાવ સંબંધિત સમીક્ષા અરજીઓની સુનાવણી શરૂ કરી છે**

# BUSINESS મિત્ર

**સેન્સેક્સ-નિફ્ટી શરૂઆતી ઘટાડો ભૂંસાઇને મજબૂત બંધ રહ્યા, વૈશ્વિક અસ્થિરતા વચ્ચે IT શેરોમાં આકર્ષણ; સેન્સેક્સમાં 510 પોઈન્ટનો ઉછાળો**

# શેરબજારમાં રિકવરીઃ નિફ્ટી 23,100ને પાર, સતત ચોથા દિવસે તેજી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 7: વૈશ્વિક સંકેતોની વચ્ચે આજે ભારતીય શેરબજારમાં બેઉતરફી વધઘટ વચ્ચે સતત ચોથા દિવસે પોઝિટિવ બંધ રહ્યું હતું. આમ, સતત સુધારા તરફી વલણ ચાલુ રહેવા પામ્યું હતું. આજે શેરબજારમાં શરૂઆતી જોરદાર ઘટાડા બાદ પોઝિટિવ બંધ રહ્યા હતા. જેમાં નિફ્ટીએ 2300 પોઈન્ટની સપાટી કુદાવી હતી, અને નુકશાનીમાંથી બહાર નીકળ્યું હતું.

નિફ્ટીના વીકલી એક્સપાયરીના પગલે ભારે અસ્થિરતા રહી હતી અને છેલ્લે શોર્ટ કવરીંગ અને નવી લેવાલીએ બજારમાં રીકવરી જોવા મળી હતી. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન સાથેના સંભવિત સોદા માટે નિર્ધારિત સમયમર્યાદા પહેલા રોકાણકારોની ભાવના પણ સાવચેત રહી હતી. આવતીકાલે ભારતીય રિઝર્વ બેન્કની નાણાકીય નીતિની બેઠક પર નજીકથી નજર રાખી રહી છે, જેમાં મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ વ્યાજદરો યથાવત રહેવાની અપેક્ષા રાખે છે. દરમ્યાન મજપબૂત રૂપિયાએ બજારની ઉપરની ગતિને વધારાનો ટેકો આપ્યો હતો.

આગામી 9મીએ દિગ્ગજ આઈટી અગ્રણી ટીસીએસના કવાર્ટરલી પરિણામો જાહેર થનારા છે, તે પહેલા આઈટી શેરોમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો. જેની સાથે રિયલ્ટી અને મેટલ શેરોમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો. જ્યારે ખાનગી બેન્કીગ અને કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં નરમાઈ જોવા મળી હતી.

હવામાન વિભાગની આગાહી કરનાર સ્કાયમેટને અપેક્ષા છે કે ભારતનું 2026 ચોમાસુ લાંબાગાળાની સરેરાશના લગભગ 94 ટકા જેટલા સામાન્ય કરતા ઓછું રહેશે. અલનીનો મોસમના બીજા ભાગમાં વરસાદને મજબૂત અને વિક્ષેપિત કરે તેવી સંભાવના છે. જેમાં જુનમાં સ્થિર રહેશે, ત્યારે જુલાઈથી સપ્ટેમબર દરમ્યાન વરસાદ અનિયમિત રહેવાની ધારણા છે. મધ્ય અને ઉત્તર-પશ્ચિમ વિસ્તારોમાં ખાધનો સામનો કરવો પડે છે, તેમ છતાં પુર્વ અને ઉત્તરપુર્વીય ભાગો પ્રમાણમાં વધુ સારો વરસાદ પડવાની ધારણા છે.

બીએસઈ સેન્સેક્સ 509.73 પોઈન્ટ એટલે કે 0.69 ટકા ઉછળીને 74616.58 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74686 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73282 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 155.40 પોઈન્ટ એટલે કે 0.68 ટકા વધીને 23100 પોઈન્ટની સપાટી કુદાવીને 23123.65 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23153 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22719 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 107.15 પોઈન્ટ એટલે કે 0.2 ટકા વધીને 52716.25 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે સ્કેલફલર ઈલે. ઈન્ફ્રા.માં 45.84 ગણા, ગેલેન્ટ ઈસ્પાતમાં 39.95 ગણા, ક્રેડિટએકસેસ ગ્રામીણમાં 24.38 ગણા, બ્રેઈબીસ સોલ્યુશન્સમાં 6.5 ગણા અને જ્યુબીલન્ટ ફુડવર્કસમાં 4.96 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ગેલેન્ટ ઈસ્પાતમાં 132.43 ગણા, બ્રેઈલીઝ સોલ્યુશન્સમાં 20.17 ગણા, ટીટાગઢ રેલ સીસ્ટમમાં 19.09 ગણા, ક્રેડિટએકસેસ ગ્રામીણમાં 15.05 ગણા અને જ્યુપીટર વેગન્સમાં 6.75 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં લાર્જકેપ શેરોમાં નબળું પ્રદર્શન જોવાયું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.03 ટકા સુધર્યા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.16 ટકાનો સુધારો જોવાયો હતો.માર્કેટ બ્રેડથમાં સુધારો જોવાયો હતો. બીએસઈ ખાતે 2670 શેરો વધ્યા હતા, જ્યારે 1555 શેરો ઘટ્યા હતા અને 159 શેરો યથાવત રહ્યા હતા.

આઈટી શેરોમાં સુધારો જોવાયો હતો અને નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 2.5 ટકા વધ્યો હતો. જેમાં એમફાસીસ, વિપ્રો, એલટીઆઈ માઈન્ડટ્રી, એચસીએલ ટેકનો, ટીસીએસ, ઈન્ફોસીસ, ઓરેકલ ફાઈ. સર્વિસીસ સોફટવેર, ટેક મહિન્દ્રા, પરસીસ્ટન્ટ સીસ્ટમ્સ અને કોફોર્જ આગળ વધ્યા છે.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં લાંબા સપ્તાહના અંત પછી આજે આગળ વધ્યા હતા. જોકે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાન માટે યુદ્ધ વિરામ માટે સંમત થવાની સમયમર્યાદા પહેલા રોકાણકારો સાવેચત રહેતા ધીમો સુધારો જોવાયો હતો.

### રૂપિયામાં સુધારો આગળ વધ્યો, 93ની નીચે

**અમદાવાદ, તા. 7:** કરન્સી બજારમાં રૂપિયામાં સુધારો જોવા મળ્યો હતો અને રૂપિયો 93ની નીચે સરક્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 9 પૈસા સુધરીને 92.98ના સ્તરે બંધ રહ્યો હતો. જોકે, ખાનગીમાં ફરીથી ડોલર 93ની ઉપર બોલાયો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 93.07ના સ્તરે બંધ રહ્યો હતો. રૂપિયો સુધરતા શેરબજારમાં પણ પોઝિટિવ અસર જોવા મળી હતી. અન્ય કરન્સીઓમાં યુરો 108.15, પાઉન્ડ 124.01, કેનેડિયન ડોલર 66.91, ઓસ્ટ્રેલિયન ડોલર 64.17, જાપાનીઝ યેન 0.5820 અને સીંગાપોર ડોલર 0.5821ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 92.98 રૂ. |
| યુરો | 108.15 રૂ. |
| પાઉન્ડ | 124.01 રૂ. |
| યેન | 0.5821 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 509.73 | 74616.58 |
| નિફ્ટી | 155.40 | 23123.65 |
| બેન્ક નિફ્ટી | 107.15 | 52716.25 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| વિપ્રો | 3.77 | 204.72 |
| હિન્ડાલ્કો | 2.92 | 954.50 |
| એચસીએલ ટેકનો | 2.73 | 1441.60 |
| ટીસીએસ | 2.66 | 2539.80 |
| ઇન્ફોસીસ | 2.54 | 1339.40 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ડો. રેડ્ડીઝ લેબ | 1.78 | 1196.10 |
| અદાણી એન્ટર | 1.06 | 1882.10 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 1.01 | 4268.80 |
| અપોલો હોસ્પિટલ | 0.63 | 7326.50 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.50 | 3006.60 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 2.77 | 1441.40 |
| ટીસીએસ | 2.68 | 2539.85 |
| ઇન્ફોસીસ | 2.60 | 1340.15 |
| ભારતી એરટેલ | 2.13 | 1830.55 |
| સન ફાર્મા | 1.67 | 1722.50 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 0.87 | 4271.70 |
| અદાણી પોર્ટસ | 0.52 | 1380.85 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.50 | 4006.60 |
| ટાઇટન કંપની | 0.31 | 4231.30 |
| ટ્રેન્ટ | 0.27 | 3823.40 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ '' | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૩૦ | કોપરેલ | ૫૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૩૦ | વનસ્પતિ ઘી | ૨૪૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૦ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૫૮૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૩૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૨૨૦૦ |
| તેજાબી સોનું | ૧૫૨૧૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૪૫૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૯૧૫૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૨૨૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૫૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૭૦૦૦ |

# ક્રૂડના ભાવમાં ભડકોઃ ભારતનો GDP ગ્રોથ ઘટીને 5.7% થવાની ભીતિ

**મોર્ગન** સ્ટેનલીનો ચેતવણીભર્યો રિપોર્ટઃ મોંઘવારી અને ખાધ વધતા અર્થતંત્ર પર દબાણ

નવી દિલ્હી, તા. 7: જો ક્રૂડ ઓઈલની કિંમત એક ક્વાર્ટર માટે 150 ડોલર પ્રતિ બેરલ રહે તો આ નાણાકીય વર્ષમાં ભારતનો જીડીપી ગ્રોથ ઘટીને 5.7 ટકા થઈ શકે છે. જો આવું થશે તો તે છેલ્લા કેટલાક વર્ષોમાં સૌથી ઓછી વૃદ્ધિ હશે. આ અંદાજ મોર્ગન સ્ટેનલીએ કર્યો છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે ક્રૂડના ભાવ 150 ડોલર સુધી પહોંચે છે ત્યારે ફુગાવો આરબીઆઈના ઉપલા બેન્ડ 6 ટકાને પાર કરી શકે છે.

મોર્ગન સ્ટેનલીએ પણ આગાહી કરી છે કે ભારતની ચાલુ ખાતાની ખાધ વધીને લગભગ 3 ટકા થઈ જશે. જો બ્રેન્ટ ક્રુડની સરેરાશ કિંમત 95 ડોલર પ્રતિ બેરલ રહે છે, તો નાણાકીય વર્ષ 2027 દરમિયાન ભારતની જીડીપી વૃદ્ધિ 6.2 ટકા રહી શકે છે. આ પહેલા બ્રોકરેજનો ગ્રોથ 6.5 ટકા રહેવાનો અંદાજ હતો. આ રિપોર્ટ મુજબ મોંઘવારી વધીને 5.1 ટકા થઈ જશે.

પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે બ્રેન્ટ ક્રૂડના ભાવ આકાશમાં છે. આજરોજ તે 111 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયું હતું. મોર્ગન સ્ટેનલીના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, જો ક્રુડની કિંમત એક ક્વાર્ટર માટે 150 ડોલર પ્રતિ બેરલ રહેશે તો તેની અસર વૃદ્ધિ અને સ્થિરતા પર પડશે. આવી સ્થિતિમાં ગ્રોથ ઘટીને 5.7 ટકા, મોંઘવારી 6 ટકાને પાર કરશે અને ચાલુ ખાતાની ખાધ જીડીપીના 3 ટકા સુધી પહોંચી જશે.

આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગ્રોથ મુખ્યત્વે ત્રણ કારણોસર થશે. પ્રથમ, ઉત્પાદનમાં નબળાઈ આવશે કારણ કે તે ઊર્જા અને ઈનપુટ ખર્ચથી પ્રભાવિત થશે. બીજું, ભાવમાં વધારાથી વપરાશમાં ઘટાડો થશે. ત્રીજું, યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં નિકાસમાં ઘટાડાની અસર વૃદ્ધિ પર પડશે. ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થવ્યવસ્થા 7.6 ટકાના દરે વૃદ્ધિ પામવાની ધારણા છે.

અન્ય વૈશ્વિક એજન્સીઓએ પણ ભારતના વિકાસના દષ્ટિકોણમાં ફેરફાર કર્યા છે. મૂડીઝ રેટિંગ્સે તાજેતરમાં કહ્યું હતું કે નાણાકીય વર્ષ 27માં ભારતનો જીડીપી ગ્રોથ લગભગ 6 ટકા રહેશે. ઓઈસીડીએ આ નાણાકીય વર્ષમાં ભારતની વૃદ્ધિની આગાહી 6.2 ટકાથી ઘટાડીને 6.1 ટકા કરી દીધી છે. મોર્ગન સ્ટેનલીએ કહ્યું છે કે ક્રુડના ઊંચા ભાવની અસર રિટેલ ફુગાવા કરતાં જથ્થાબંધ ભાવ સૂચકાંક પર વધુ દેખાશે. રેપો રેટ અંગે બ્રોકરેજ ફર્મે કહ્યું છે કે આરબીઆઈ આ વર્ષે રેપો રેટ 5.25 ટકા જાળવી રાખશે.

# ક્રૂડ ઓઈલમાં 3%નો ભડકો

**MCX** પર ભાવ રૂ.10,888ની ઐતિહાસિક સપાટીએ

**હોર્મુઝ** સ્ટ્રેટ ખોલવાની ડેડલાઇનથી ઉર્જા બજારમાં ખળભળાટ; બ્રેન્ટ ક્રૂડ $116 ને પાર

મુંબઈ, તા. 7: ભૂરાજકીય તણાવમાં રાહતના બદલે વધુ તીવ્ર બનતું જોવા મળી રહ્યું છે. જેમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આપવામાં આવેલી સમયમર્યાદાએ વૈશ્વિક ઉર્જા બજારમાં ફરીથી ઉથલપાથલ મચી ગઈ છે અને આ તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટને ઈરાન માટે ફરથી ખોલવાની સમયમર્યાદાની સીધી અસરના કારણે ક્રુડ ઓઈલના ભાવમાં ફરીથી ઉછાળો આવ્યો હતો, જે 3 ટકા જેટલો વધી ગયો હતો. એમસીક્સમાં પણ ક્રુડના ભાવ રૂ. 10888ના વિક્રમી સપાટીએ પહોંચી ગયા હતા.

ક્રૂડ ઓઈલ માર્કેટમાં નોંધાયેલા લેટેસ્ટ ડેટા મુજબ યુએસ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ ક્રૂડ વાયદો 3 ટકા એટલે કે 4.15 ડોલર વધીને 116.56 ડોલર થઈ ગયો છે. તે જ સમયે, બ્રેન્ટ ક્રૂડ વાયદો સવારે 9:57 વાગ્યે 1.69 ટકા વધીને 111.63 ડોલરની ઈન્ટ્રા-ડે હાઈ પર ટ્રેડ કરી રહ્યો હતો. આ સંઘર્ષની શરૂઆતથી બ્રેન્ટ ક્રૂડ 60 ટકાથી વધુનો વધારો થયો છે, જે 27 ફેબ્રુઆરીએ 72.48 ડોલરના સ્તરથી વધીને 9 માર્ચ સુધીમાં 119.50 ડોલર થઈ ગયો છે,

અમેરિકન રાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર હોર્મુઝની સામુદ્રધુનિને ફરીથી ખોલવા અંગે ઈરાન પ્રત્યે નવેસરથી આક્રમક વલણ અપનાવ્યા પછી ભાવમાં વધારો થયો છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે કડક ચેતવણી આપી છે કે જો તેહરાન મંગળવારની રાતની સ્ટ્રેટ ખોલવાની સમયમર્યાદાનું પાલન નહીં કરે તો તે વિનાશ વેરશે. તેમણે ધમકી પણ આપી હતી કે ઈરાનને રાતોરાત ખતમ કરી શકાય છે. ટ્રમ્પના મતે જો સમજૂતી નહીં થાય તો ઈરાનનો દરેક પુલ નાશ પામશે અને ત્યાંનો દરેક પાવર પ્લાન્ટ કાયમ માટે નાશ પામશે. જોકે, ઈરાને યુદ્ધ વિરામની યોજનાને નકારી કાઢી છે અને લડતને ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. જોકે, આ સ્થિતિથી ક્રુડ ઓઈલના ભાવના ઉછાળાની સાથે શેરબજારોને પણ અસર કરશે. એશિયન બજારોમાં મિશ્ર વલણ જોવાયું હતું.